ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમને વર્ષ ૨૦૨૧-૨૨ માટેની શેરમૂડી ફાળાની રૂ.૧૦૦.૦૦ લાખની ગ્રાન્ટ ફાળવવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ વવજ/૧૦૨૦૧૭/૮૪૬/અ.૧.
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ૧૫/૦૨/૨૦૨૨

વંચાણે લીધાઃ-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૫/૦૫/૨૦૨૧ નો ઠરાવ ક્રમાંકઃ બજટ/૧૦/ ૨૦૨૦/૩૦૯/બ

(૨) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૧૧/૦૧/૨૦૨૨નો પત્ર ક્રમાંકઃવિજાક/બો.નિ/ ૨૦૨૧-૨૨/૪૯-૫૦

આમુખ:-

વંચાણે લીધા ક્રમાંક (૧) પરના આ વિભાગના ઠરાવથી ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ માટે વર્ષ ૨૦૨૧-૨૨ના અંદાજપત્રમાં શેરમૂડીની ગ્રાન્ટ પેટે રૂ.૧૦૦.૦૦ લાખની બજેટ જોગવાઇની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. વંચાણેલીધા ક્રમાંક (૨) પરના તા.૧૧/૦૧/૨૦૨૨ના પત્રથી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણએ આ બજેટ જોગવાઇ મુજબની રૂ.૧૦૦.૦૦ લાખની શેરમૂડી ફાળાની ગ્રાન્ટ ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમને હવાલે મૂકવા કરેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે વર્ષ ૨૦૨૧-૨૨ના અંદાજપત્રમાં કરવામાં આવેલ જોગવાઇ મુજબની રૂ.૧૦૦.૦૦ લાખ (અંકે રૂપિયા એકસો લાખ પુરા)ની શેરમૂડી ફાળાની ગ્રાન્ટ ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમના હવાલે મૂકવા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણને નીચેની શરતોને આધીન આથી મંજૂરી આપવામાં આવે છે.

શરતો

(૧) આ ગ્રાન્ટ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરે તાત્કાલિક ગુજરાત વિચરતી અને વિમુકત જાતિવિકાસ નિગમને હવાલે મૂકવાની રહેશે.

(૨) નિગમે આ ગ્રાન્ટનો ઉપયોગ જે હેતુ માટે જોગવાઈ કરવામાં આવી હોય તે હેતુ માટે ખર્ચ કરવાનો રહેશે.

(૩) આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક ૮૨ મુખ્ય સદર-૨૨૨૫-અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાત વર્ગો અને લઘુમતિઓના કલ્યાણ ખંડ પાંચ ખર્ચની જોગવાઈ, પેટા મુખ્ય સદર-૮૦ સામાન્ય, ગૌણસદર-૧૯૦ જાહેર ક્ષેત્ર અને અન્ય ઉપક્રમોને નાણાકીય સહાય, પેટા સદર-૦૧ ડીએનટી-ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમને શેરમૂડી ફાળો હેઠળ ઉધારવો તથા તે હેઠળ ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨માં કરવામાં આવેલ જોગવાઈમાંથી મેળવવાનો રહેશે અને વર્ષના અંતે રહેતી બચત સુપ્રત કરવાની રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૧[illegible]-૦૨-૨૦૨૨ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(યુ. કે. પાઠક)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ
(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

નકલ રવાના:-
(૧) મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
(૨) એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ
(૩) નાણાં અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
(૪) નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
(૫) જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
(૬) સેક્શન અધિકારીશ્રી (બજેટ અને કોમ્પ્યુટર સેલ શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૭) સિલેક્ટ ફાઇલ